# <u>પ્રેસનોટ</u>

અમદાવાદ શહેરમાં નંબરપ્લેટ વગરના તેમજ આર.ટી.ઓ. માન્ય(HSRP) નંબર પ્લેટ વગરના વાહનો જોવા મળે છે. જેથી માનનીય પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક અમદાવાદ શહેર નાઓના સુચનાથી આવા વાહન ચાલકો વિરૂધ્ધ આ પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે શહેર પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરેલ છે. આ ઝુંબેશ દરમ્યાન ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર દ્વારા ૨૧૦ જેટલા વાહનો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. અને આ તમામ નંબર પ્લેટ વગરના વાહનોને સુરક્ષિત રીતે AMC ના કાંકરીયા મલ્ટીલેવલ પાર્કીંગમાં મુકી વાહન માલિકોનો સંપર્ક કરી આર.ટી.ઓ. માન્ય(HSRP) નંબર પ્લેટ લગાવી વાહન પરત આપવાની કાર્યવાહી હાથ ધરેલ છે. જેથી અમદાવાદ શહેરની જાહેર જનતાને વિનંતી કે નંબર પ્લેટ વગરના કે આર.ટી.ઓ. માન્ય(HSRP) નંબર પ્લેટ વગરના વાહનો લઇ ફરતા હોય તો સત્વરે આર.ટી.ઓ. માન્ય(HSRP) નંબર પ્લેટ લગાવડાવી અને જે વાહનો પોલીસે પકડેલ છે તે જે કોઇ વાહન મલિકોના હોય તેઓએ પરત મેળવવા "જે" ટ્રાફિક પોલીસ સ્ટેશન, સરનામું:- ભૈરવનાથ ચાર રસ્તા પાસે, મણીનગર, અમદાવાદ શહેર ખાતે સંપર્ક કરી કાર્યવાહી કરવી. તા.૧૭/૦૫/૨૦૧૯

( અશ્વિન જી. ચૌહાણ )
નાયબ પોલીસ કમિશ્નર,
ટ્રાફિક પુર્વ, અમદાવાદ શહેર